

વી.એસ. હોસ્પિટલમાં આવેલ નર્સિંગ હોસ્પિટલની સામેની બાજુ ભંગારમાં સોમવારે બપોરે સાડા બાર વાગે અચાનક આગ ભભૂકી ઉઠતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. અગમ્ય કારણોસર લાગેલી આગમાં કોઈ નુકસાનીના કે જાનહાનિ નહી થતા વી.એસ. હોસ્પિટલના અધિકારીઓ તથા સ્ટાફે રાહતનો શ્વાસ લીધો હતો આગ લાગ્યાની જાણ કરાતા ફાયરબ્રિગેડના લાશ્કરોએ આવી તુરત જ આગ ઓલવી નાખી હતી.

ઈખર ખાતે બીબીબેન મેમો. ટ્રસ્ટ દ્વારા યોજાયેલ ખાત મુહૂર્ત વેળા શાહનવાઝ ખાન

# શિક્ષણ, હલાલ રોજી તેમજ સારા અખ્લાકથી ઉચ્ચ પ્રગતિ સાધી શકાય

(સંવાદદાતા દ્વારા)

પાલેજ, તા.૧

એન.આર.આઈ. ભાઈઓ દ્વારા ગામડાઓમાં શિક્ષણ પાછળ તેમજ ટેકનોલોજી ઉભી કરવા નાણાં ખર્ચાશે તો ચોક્કસ અહીંથી વિશ્વકક્ષાના મહાનુભાવો પેદા થશે એવી ખાત્રી ઈખર ખાતે યોજાયેલ યતીમખાનામાં તેમજ અન્ય કામમોના ખાતમુહૂર્ત વેળા શાહનવાઝખાને ઉચ્ચારી હતી.

ધો.૧૦, ૧૨ના વિદ્યાર્થીઓને એન.આર.આઈ. હાજી અહમદ મલ્લુ, હાજી આદમ મહંમદ મીંડી, હાજી ઈશા દહેગામવાળા, ઉપરાંત હાજી ઈસ્લાઈલ શેઠા, હાજી યાકુબ ગોલીતાએ શિક્ષણ પ્રત્યે ઉંડો રસ કેળવવા અનુરોધ કરી ઉચ્ચ શિક્ષણ મેળવી વૈશ્વિક નાગરિક બનવાની શીખામણ આપી હતી. વારંવાર વતન પ્રત્યેની અદમ્ય મોહબ્બત ખાતર લાખો રૂપિયા ખર્ચનાર બીબી ચેરીટેબલ ટ્રસ્ટના એન.આર.આઈ. ભાઈ-બહેનોનો આભાર માનતા સભાના પ્રમુખ સ્થાને બિરાજમાન વિધાનસભાના દંડક ઈકબાલ પટેલે ઈખર ખાતે બની રહેલા અત્યાધુનીક ક્રિકેટ ગ્રાઉન્ડ માટે વધુ ૩ લાખની ફાળવણીની સળવણી કરતા વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ગણીત, અંગ્રેજી વિષય ઉપર ભાર આપવા અનુરોધ કરી પોતાનું ભવિષ્ય શિક્ષણથી સુનિશ્ચિત કરવા હાકલ કરી હતી.

બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓને પરીક્ષાનો ખોટો હાઉ દુર કરી પોતાની ક્ષમતા અનુરૂપ પરફોમન્સ કરવા અનુરોધ કર્યો હતો. શિક્ષણથી દુર રહી જશે તો તેમનુ કોઈ ભવિષ્ય નથી એમ જણાવી શિક્ષણ પ્રત્યે મા-બાપને ખાસ કાળજી લેવા અનુરોધ કર્યો હતો. ઈકબાલ પટેલે ગુજરાત સરકારની ઝાટકણી કાઢતા કેન્દ્રની યોજના અંતર્ગત કામોની યાદી સામેથી મંગાવવા છતાં ગુજરાત સરકાર આવી યોજનાઓનો લાભ મેળવવામાં સદંતર નિષ્કાળજી વર્તી રહી છે. આ પ્રસંગે વિશેષ હાજરી આપનાર વડોદરા ખાતે એન.જી.ઓ.નું સંચાલન કરનાર એડવોકેટ શાહ નવાજખાને બોર્ડના વિદ્યાર્થીઓને એજ્યુકેશન હલાલ રોજી તેમજ ઉમદા અખ્લાકથી પ્રગતિ સાધી શકાય છે. એમ જણાવી એન.આર.આઈ. ભાઈઓ દ્વારા ગામડાઓમાં શિક્ષણ પાછળ તેમજ ટેકનોલોજી ઉભી કરવા નાણાં ખર્ચાશે તો ચોક્કસ અહીથી વિશ્વકક્ષાના મહાનુભાવો પેદા થશેની ખાત્રી ઉચ્ચારી હતી.



ઈખર ખાતે બીબીબેન મેમો. ટ્રસ્ટ દ્વારા લાખોના ખર્ચે યતીમખાન, કલાસ વર્ગો તથા મેરેજ હોલના ખાતમુહૂર્તના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જે વેળા સ્ટેજ પર ઉપસ્થિત મહાનુભાવો નજરે પડે છે.
(તસવીર : ઈમરાન મોદી, પાલેજ)

લઘુમતીઓના ન્યાય માટે લડત ચલાવનાર શબ્બીર સાહેબ કાવીવાલાના જણાવ્યા અનુસાર સમાજમાં બહેનોના શિક્ષણ પ્રત્યેના સભાનતા એ ગૌરવની વાત છે. તેમજ સફળતા અને નિષ્ફળતા એ પુરતી નથી. પરંતુ હિંમતથી સતત પ્રયત્નશીલ રહેવું અને મહત્વનું છે તેમ જણાવ્યું હતું.

વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓને વધુ શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કરવા એન.આર.આઈ.ઈશા સાહેબે દરેક વિષયમાં સારા માર્કસ તેમજ પ્રથમ નંબર લાવનાર બાળકો માટે ૧૦૦૦૦નું રોકડ ઈનામ જાહેર કર્યું હતું.

બીબીબેન મેમોરીયલ ટ્રસ્ટના નેજા હેઠળ ઈખર ખાતે યતીમખાના તેમજ ચાર ક્લાસ રૂમોના ખાતમુહુર્ત ઉપરાંત મેરેજ હોલનું ખાતમુહુર્ત, શાળા કલાર્ક તેમજ શિક્ષકના વિદાય સમારંભ તેમજ ધો.૧૦-૧૨ ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભમાં હાજરી આપવા આવેલ મહાનુભાવોએ બાળકોને શિક્ષણ પ્રત્યે રૂચી કેળવવા અનુરોક કરી ઉચ્ચ શિક્ષણ માટે સરકારી લોન યોજના ઉપરાંત એન.આર.આઈ. ભાઈઓની મદદની ખાત્રી ઉચ્ચારી હતી.

ઘટના પ્રસંગે ઈખર શાળાના આચાર્ય, શિક્ષકો ઉપરાંત સરપંચ મકબુલભાઈ ખંખારા, ઉસ્માન ચીડી, સંચાલન મંડળ પ્રમુખ યુનુસભાઈ, વાગળાના સામાજીક કાર્યકર હાજી ઈસ્માઈલભાઈ, દોરા શાળાના આચાર્ય દિપકભાઈ, વડોદરા જેનીથ શાળાના આચાર્ય, પૂર્વ ધારાસભ્ય રસીદાબેન ઉપરાંત પરવાણભાઈ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહી બાળકોના એજ્યુકેશન ઉપર ભાર મુક્યો હતો.

## ડીસાના કોટડા ગામમાંથી સ્ત્રી ભ્રૂણ મળતા ચકચાર

લાખણી,તા.૧

ડીસા તાલુકાના કોટડા ગામે માંથી સ્ત્રીભ્રૂણ મળી આવતાં ચકચાર મચી છે.સ્ત્રી ભ્રૂણ જોવા લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા.કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર ઘટતી જતી સ્ત્રીઓની સંખ્યા સામે ભેટી બચાવો ભ્રૂણ હત્યા અટકાવો જેવા કાર્યક્રમો કરી રહી છે. ત્યારે ડીસાના કોટડા ગામેથી સ્ત્રીભ્રૂણ મળી આવ્યું હતું. આ બાબતે સરપંચ માનાજી પરખાજી પટેલે જણાવ્યું કે, આવા કામ કરનારને તંત્ર દ્વારા કડક સજા કરવામાં આવે તેવું અમે ઈચ્છી રહયા છીએ અને અમોએ આ બાબતે પોલીસ સ્ટેશને જાણ કરી છે.

આઠ ખેલી રૂા.૧૬ હજારના મુદ્દામાલ સાથે ઝડપાયા

# અંકલેશ્વર ખાતે ચાલતા બે જુગારધામ ઉપર દરોડા

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧

અંકલેશ્વર જીઆઈડીસીમાં મીરાનગર ખાતે બાતમીના આધારે પોલીસે રેડ કરી બે સ્થળોથી કુલ આઠ જેટલા જુગારીયાઓને ઝડપી પાડયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર અંકલેશ્વર જીઆઈડીસી સ્થિત મીરાનગર ખાતે અત્રેના જીઆઈડીસી પોલીસેને મળેલી બાતમીના આધારે મીરાનગરમાં રેડ કરતા ત્યાં જુગાર રમાતો હતો. ત્યાંથી વિજય દલપત વસાવા (રહે. તાડફળીયા) યુસુફ ઈબ્રાહીમ મેમણ (રહે. મરકઝ સોસાયટી), સિકંદર ઈબ્રાહીમ કોયા પટેલ (રહે. હસ્તી તળાવ)ને ઝડપી પાડીને તેઓ પાસેથી ૮૮૦૮ રૂા. રોકડા ઝડપી લઈ જુગાર ધારાની કલમ મુજબ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. જયારે બીજા એક સ્થળે જીઆઈડીસી પોલીસ રેડ કરતા લાલુરામ પરમસુખ પાલ (રહે. પદ્માવતી નગર), ધરમસિંહ દીનાનાથ પાલ, મહંમદઅલી (રહે. બાપુનગર), રજુજ વિધ્વત પાલ (રહે. લક્ષ્મણ નગર) તથા મનસુખ પ્રભાત પટેલ (રહે. અવાદર)ને પાના પત્તાનો જુગાર રમતા ઝડપી લઈ તેઓ પાસેથી રૂા.૫,૯૬૦ જુગારના દાવ પર મુકેલ જે કબજે લઈ કુલ આઠ ઈસમોની અટક કરી જુગાર ધારા મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ જીઆઈડીસી પોલીસ મથકના ઉમંગસિંહના છીતુબાવા ચલાવી રહયા છે.

# ધાનેરા-ફતેપુરા ગામની સીમમાં ભાગીયાઓ વચ્ચે સશસ્ત્ર અથડામણ : ત્રણને ઈજા

ધાનેરા, તા.૧

ધાનેરા અને ફતેપુરા ગામની સીમના ખેતરોમાં ભાગીયા તરીકે રદી મજુરી કરતા રાજસ્થાનના ઈસમો વચ્ચે આપસી મતભેદ સર્જાતા એક પરિવાર ઉપર અન્ય પરિવારે સશસ્ત્ર હુમલો કરી ત્રણ જણાને ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલે દાખલ કરેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર ધાનેરા રેલવેની પૂર્વ તરફ ધાનેરા અને ફતેપુરા ગામની સીમમાં આવેલા ખેતરોમાં રાજસ્થાનના મીઠડી ગામ તાલુકા ચૌહટનના અસંખ્ય પરિવાર આ વિસ્તારના ખેતરોમાં ભાગીયા તરીકે રદી વાવેતર કરે છે. ત્રણ દિવસ અગાઉ આ ઈસમો વચ્ચે મોબાઈલ ફોન બાબતે સામાન્ય તકરાર થઈ હતી. તેનો વેર રાખી ગત રાત્રીએ આરોપી ભાવલખાન અલ્લા બચ્ચાયખાન બલોચ, મેવાખાન અલ્લા બચ્ચાયખાંન, લઉફખાન ગફરખાન, ધોલખાન સરદારખાન તથા અન્ય ચાર ઈસમોએ ટોળકી બનાવી ધાનેરા સીમમાં આવેલ પટેલ ગણેશાભાઈ ઓડના ખેતરમાં આવેલ છાપરામાં રહેતા મલીયાખાન વસંતખાન બલોચ, નજીરખાન વસંતખાન, રાજુખાન વસંતખાન ઉપર અચાનક સશસ્ત્ર હુમલો કર્યો હતો. રાત્રીના સમયે ખેતરોમાં ચીસાચીસ થતા આજુબાજુના ખેડૂતો દોડી આવી બચાવ કરતા આરોપીઓ નાસી ગયા હતા. ૧૦૮ મોબાઈલવાન દ્વારા ઈજાગ્રસ્તોને ધાનેરા સિવિલ દાખલ કર્યા હતા. જેમાં બંને હાથ-પગે ઈજા થઈ હતી એકને માથા અને કમરના ભાગે ગંભીર ઈજા થતા ધાનેરા સિવિલમાં સારવાર આપવામાં આવી હતી.

ધાનેરા પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી બો આરોપીઓને ફતેપુરા ગામની સીમના ખેતરમાંથી ઝડપી લઈ અન્ય આરોપીઓને પકડવાની તજવીજ હાથ ધરી છે. જેની તપાસ પોલીસ હેડ કો. પોપટલાલ કરી રહયા છે.

## એલિસબ્રિજ નીચેથી અજાણ્યા ઈસમની મળેલી લાશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧

અમદાવાદના એલિસબ્રીજ નીચે સાબરમતી નદીમાંથી અજાણ્યા ઈસમની લાશ મળી આવતા પોલીસે ઓળખ માટે તપાસ શરૂ કરી છે.

એલિસબ્રીજ પૂર્વ છેડે સવારે ૧૧-૦૦ વાગ્યાના સુમારે અજાણ્યા ઈસમનો મૃતદેહ નદીના પાણીમાં તરી રહયો હોવાની માહિતી ફાયરબ્રિગેડ તથા એલિસબ્રીજ પોલીસને થતા તાત્કાલિક ફાયર બ્રિગેડની ટુકડી ઉકત સ્થળે પહોંચી ગઈ હતી અને અજાણ્યા ઈસમનો મૃતદેહ બહાર કાઢયો હતો. અંદાજે ૪૦ વર્ષીય ઈસમની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળતા નથી પોલીસે આ અંગે અકસ્માત મોત નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## રાજકોટમાં બે જૂથો વચ્ચે સશસ્ત્ર અથડામણમાં ચારને ઈજા

રાજકોટ તા. ૧

શહેરમાં હોળીની રાત્રે જામનગર રોડ પર બજરંગવાડી વિસ્તારમાં એક જ કોમના બે જૂથ વચ્ચે નજીવી બાબતે થયેલી સશસ્ત્ર અથડામણમાં ચાર વ્યક્તિઓને ઈજા થવા પામી છે. ગાંધીગ્રામ પોલીસે બન્ને પક્ષે ગુનો નોંધી ત્રણની ધરપકડ કરી છે.આ અંગે પોલીસસૂત્રોમાંથી જણવા મળતી વિગતો મુજબ બજરંગવાડી નજીક રાજીવનગર-૧૪માં રહેતા મહમદ મુમતાઝ જબીર શેખ (ઉ.વ.૩૦)એ ઈમરાન કાસમ, સબીર સીદીક, અમન સીદીક, સાજીદ મેમણ, હાફીસ અબ્દુલ સહિતના સામે પાઇપ હાથમાં મુંઠ વડે હુમલો કર્યાનો ગુનો નોંધાયો છે.

જયારે સામાપક્ષે વાંકાનેર સોસાયટી શેરી નં.૧૩-૧૪માં રહેતા સબીર સીદીક જુણેજાએ મહમદ મુમતાઝ, મહમદ ઝકીર, ઈમરાન, મહમદ જુમાહુદીન, જાબીર શેખ સહિતનાએ છરી પાઇપ વડે હુમલો કર્યાની ફરીયાદ નોંધાવી છે. સામસામો હુમલો થતાં ઘવાયેલાઓની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે.

# ખંભાતમાં દંપતી દાઝયું

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧

ખંભાત શકરપુર વિસ્તારમાં રહેતું દંપતી દાઝી ગયું હોવાનો બનાવ ખંભાત સિટી પોલીસ મથકે નોંધાયો છે.ખંભાતના શકરપુર ગામે રહેતા શીલ્પાબેન શૈલેષભાઈ પંચાલ (ઉ.વ.૨૩) આજે બપોરે રસોઈ બનાવવા માટે ચુલો સળગાવવા દિવેટવાળા સ્ટવમાંથી કેરોસીન રેડતા ભડકો થતા શીલ્પાબેને પહેરેલા કપડાને ઝોળ લાગતા કપડા સળગતા તેઓ ૬૦થી ૬૫ ટકા દાઝી જતા તેમની બુમો સાંભળી તેમના પતિ શૈલેષભાઈ તેમને બચાવવા જતા તેઓ પણ બન્ને હાથે દાઝી જતા તેઓ બન્નેને ત્વરીત સારવાર અર્થે સ્થાનિક જનરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં શીલ્પાબેનની હાલત નાજુક જણાતા તેઓને ત્વરીત સારવાર અર્થે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડાતા આ બનાવ અંગે ખંભાત સિટી પોલીસે જાણવાજોગ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



**મેયર કાનાજીને બાલપણ સાંભર્યુ :** શહેર આખું જયારે ધૂળેટીના પર્વમાં અબીલ ગુલાલના રંગે રંગાતુ હોય ત્યારે શહેરના પ્રથમ નાગરિક મેયર શાને બાકાત રહે..! મહાનગર સેવા સદનના કમ્પાઉન્ડમાં ભાજપ કોંગ્રેસના સભ્યોએ રંગારંગ માહોલમાં ધૂળેટી ઉજવી હતી. અને મેયર કાનાજી ઠાકોર તો નાના બાળકની જેમ મનમુકીને નાચ્યા હતા.

અમદાવાદના ૬૪ લાખના સોનાની લૂંટમાં આરોપીને રિમાન્ડ

# ૧૩૦ ગ્રામ સોનું કબજે લેવા પોલીસ પૂણે જશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧

શહેરના કાળુપુર વિસ્તારમાંથી ૬૪ લાખના સોનાની ચકચારી લૂંટમાં ક્રાઈમ બ્રાંચે આરોપી નરપતરામ અજારામજી માળી (પરિહાર)ની ધરપકડ કરી આજે અરજન્ટ ચાર્જના મેજિસ્ટ્રેટ બી.એસ.ત્રિવેદી સમક્ષ રજૂ કરીને સાત દિવસના રિમાન્ડ મેળવ્યા છે.ક્રાઈમ બ્રાંચે ઉપરોક્ત આરોપીના રિમાન્ડ મેળવવા માટે એવી રજૂઆત કરી હતી કે,નરપતરામ માળીએ ૧૩૦ ગ્રામ સોનું પૂણે ખાતે વેચી માર્યું હોવાથી પૂણે જઈને તપાસ કરવાની છે.આ કેસમાં અન્ય આરોપીઓ હાલ પોલીસ રિમાન્ડ હેઠળ છે.

સરકારી વકીલ અરવિંદ નાયકે ૧૪ દિવસના પોલીસ રિમાન્ડની માગણી કરતાં કોર્ટને રજૂઆત કરી હતી કે,કાળુપુર પાસેથી આરોપીઓએ ચાર કિલો સોનાની લૂંટ ચલાવી હતી.જેમાં પોલીસ કોન્સ્ટેબલ સહિતના આરોપીઓ પકડાયા હતા,જે આરોપીઓ હાલ રિમાન્ડ પર છે.અગાઉ ઝડપાયેલા આરોપીઓ પાસેથી ત્રણ કિલો જેટલું સોનું રિકવર કરવામાં આવ્યું હતું.જયારે પકડાયેલા આરોપી નરપતરામ માળી પાસેથી ૧૩૦ ગ્રામ સોનું કબજે કરવાનું બાકી છે. આરોપીએ પૂણામાં આ સોનું વેચી માર્યુ હોઈ પૂના ખાતે લઈ જઈ કયાં સોનું વેચ્યું હતું તેની તપાસ કરવાની બાકી છે. એટલું જ નહિ પરંતુ આરોપી અન્ય કોના કોના સંપર્કમાં હતો તેની પણ તપાસ કરવાની બાકી છે. તમામ રજૂઆતોને અંતે ફોજદારી કોર્ટે સાત દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો હતો.



અંકલેશ્વર જી.આઈ.ડી.સી. ખાતે એક પેપર મીલમાં વહેલી સવારે ચાર વાગે લાગેલી આગ સાંજ સુધી પણ ઓલવાઈ ન હતી. આગના લીધે ભારે નુકશાન પહોંચ્યું હતું.
(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

# સોલાબ્રિજ નીચે ટ્રેનની અડફેટે સાયકલ સવારનું નીપજેલું મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧

અમદાવાદના સોલાબ્રિજની નીચે રેલવે ટ્રેક પરથી પસાર થતા સાયકલ સવારનું ટ્રેનની અડફેટે મોત થયું છે.યુધિષ્ઠર મંડલ આલોપમંડલ (ઉ.વ.૨૩ રહે. સોલા) સાયકલ લઈ સોલાબ્રીજ સામેના ચાર રસ્તા જતા નવા બ્રીજની નીચે રેલવે ટ્રેક ક્રોસ કરી રહયા હતા ત્યારે ટ્રેઈનની અડફેટમાં આવી જતા તેમનું મૃત્યુ નીપજયું હતું આ અંગે સોલા હાઈકોર્ટે પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.



અમદાવાદના બહેરામપુરા નજીક બે લોડીંગ રિક્ષાના ચાલકો વચ્ચે થયેલા ઝઘડા બાદ લોકોના ટોળા મોટી સંખ્યામાં એકત્ર થઈ જતા તાત્કાલિક ઘટના સ્થળે ધસી ગયેલા પોલીસ કાફલાએ ટોળાઓને વિખેરી દઈ પરિસ્થિતિ વણસતા અટકાવી દીધી હતી. લોડીંગ રિક્ષાના ચાલકને માર મારનાર અન્ય રિક્ષા ચાલક તથા તેના સાગરિતો વિરુધ્ધ કાગડાપીઠ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

ખિસકોલીને કાગડાના મુખમાંથી ઉગારી જતન કર્યું હતું

# મોતના મુખમાંથી બચાવનાર સુરતના અનિસભાઈ સાથે ખિસકોલીની અનોખી દોસ્તી

**આ ખિસકોલી અનિસભાઈની દુકાનમાં પરિવારના સભ્યની જેમ રહે છે**

(જયેશ રાણા) સુરત.તા.૧

આજના યુગમાં જયારે દુર્લભ અને અસ્તિત્વના જંગમાં જીંદગી હારી ગયેલા વાઘ, સિંહ, હાથી, જેવા શક્તિશાળી પ્રાણીઓનું પૃથ્વી ઉપર અસ્તીત્વ ટકાવી રાખવા માટે ખુદ સરકારોએ ચિંતિત બની આ દિશામાં કામગીરી આરંભી છે.ત્યારે સુરતના અનિશભાઈ જેવા જીવદયા પ્રેમી યુવકો માણસ નામથી જ નાસી છુટતી ખિસ્કોલી જેવા પ્રાણીનો જીવ બચાવી તેનો જે રીતે ઉછેર કર્યો છે,તે બાબત સાચા અર્થમાં સરહાનીય છે.જોકે ખિસ્કોલી જેવું અત્યંત ડરપોક પ્રાણી જે રીતે પોતાના તારણહાર સાથે વફાદારી દાખવી રહ્યું છે,તે બાબત પણ મનુષ્ય માટે પ્રેરણા રુપ બાબત લેખાવવી અસ્થાને નથી.

શહેરના લીંબાયત વિસ્તારની મદિના મસ્જિદ પાછળ આવેલા શાસ્ત્રી ચોક ખાતે રહેતા અનીશભાઇ ગનીભાઇ વહોરા (ઉ.વ.૨૩) શાસ્ત્રી ચોક ખાતે જ મોટાભાઇ દ્વારા ખોલી આપવામાં આવેલા ભૂસાવાળા નામે બૂટ ચપ્પલનો શો રુમ ચલાવે છે. સ્વભાવે લાગણી શીલ અને પ્રાણી પ્રિય જીવ એવા અનીશભાઇની નજર આજથી બે-એક માસ પહેલા મદિના મસ્જિદની છત પરથી જમીન ઉપર પડેલી બે બાળ ખિસ્કોલીઓ ઉપર પડી હતી. શરીરે ઘવાયેલી આ બે બાળ ખિસ્કોલી પૈકી એકને કાગડો અનીશભાઇની નજર જ સામે ઉંચકી ગયો હતો. જ્યારે બીજી બાળ ખિસ્કોલીને અનીશભાઇએ પોતાના હાથોમાં લઇ ઉગારી લીધી હતી. આ ખિસ્કોલીને બે ત્રણ દિવસ સતત દૂધ પાણી આપી તેનું સ્નેહભર્યુ જતન કર્યાબાદ આ બાળ ખિસ્કોલી સાજી સમીત થઇ જતાં તે અનીશભાઇ પાસે જ રહેવા લાગી હતી.

સામાન્ય રીતે પ્રાણીઓમાં અત્યંત ગભરુ ગણાતી ખિસ્કોલી જેવું પ્રાણી અનીશભાઇ સાથે સહજતાથી હળીમળી ગયું છે. દિવસ દરમિયાન જ્યારે અનીશભાઇની દુકાનમાં ગ્રાહકોની અવર જવર રહે ત્યારે આ ખિસ્કોલી નજીકના લીમડાના ઝાડ ઉપર રહે છે ક્યારેક તે નિર્દોષ ભાવે અનીશભાઇના ગ્રાહકો સાથે પણ મોજ મસ્તી કરી લે છે. જેના કારણે અનીશભાઇ અને તેમનો શો રુમ આસપાસના લોકોમાં પણ જાણીતો થઇ જવા પામ્યો છે. અનીશભાઇના પ્રાણી પ્રેમની અસર આ ખિસ્કોલીના માનસપટ ઉપર જે રીતે અંકાય છે તે સાચા અર્થમાં પ્રાણીઓની મનુષ્ય પ્રત્યેનો પ્રેમ અને વફાદારીને લાગણી સભર રીતે ઉજાગર કરે છે.

અનીશભાઇના હાથોથી બચેલી અને ઉછરેલી એ બાળ ખિસ્કોલી હાલમાં બે બચ્ચાની માતા બનવા પામી છે.જેના બચ્ચા સામાન્ય રીતે માતા ખિસ્કોલીની જેમ અનીશભાઇના ગ્રાહકો સાથે સહજતાથી હળતા ભળતા નથી પરંતુ અનીશભાઈને તેમની માતા સમોજ પ્રેમ કરી તેમની સાથે સહજતાથી મસ્તી કરતા હોવાનો અનીશભાઈએ જણાવ્યું હતું.



દોસ્તી : સુરતના અનિસભાઈ વ્હોરાએ એક ખિસ્કોલીનો જીવ બચાવ્યો હતો. ત્યારબથી આ ખિસકોલીને અનિસભાઈ સાથે ભારે આત્મીયતા બંધાઈ ગઈ છે. પોતાના હાથ પર ખિસ્કોલીને મુકી તેને વહાલ કરતા જીવદયાપ્રેમી અનિસભાઈ તસવીરમાં નજરે પડે છે.

૧૫ જેટલા ગામો સંપૂર્ણ ડૂબાણમાં જ્યારે ૨૦ જેટલા ગામોને અસર પહોંચશે

# ડાંગ જિલ્લામાં બંધાનાર ત્રણ નવા ડેમો સામે લોકોમાં ભારે વિરોધ : આંદોલનના ભણકારા

(જયેશ રાણા ) સુરત.તા.૧

ડાંગ જિલ્લાના પશ્રિમ સરહદે અંબિકા, ખાપરી અને પૂર્ણા નદીઓ પર રાજય સરકારની માંગણી મુજબ ભારત સરકારની નેશનલ વોટર ડેવલપમેન્ટ એજન્સી દ્વારા ત્રણ ડેમ બનાવવામાં આવનાર છે. જેમાં ૧૫ જેટલા ગામો સંપૂર્ણ ડુબાણમાં જાય છે, જ્યારે ૨૦ જેટલા અન્ય ગામોને અસર થાય તેમ છે.ઉપરાંત આ પાણીની નહેરને નર્મદાની નહેરને જોડીને મધ્ય ગુજરાતને પાણી આપવાનું રાજય સરકારનું જે આયોજન છે,તે સામે ડાંગના લોકોનો સખ્ત વિરોધ છે.

આ ડેમોના બદલે ડાંગની નદીઓ પર ચેઇન સીસ્ટમના નાના ડેમો બનાવી,હાલની યોજનાને પડતી મુકવા, અને સ્થાનિક લોકો સાથે ચર્ચા વિચારણા કરીને કોઇપણ પ્રકારના વિસ્થાપન વિના પીવાના પાણીના પ્રશ્નનો કાયમી ઉકેલ રુપે વૈકલ્પિક વ્યવસ્થા ઘડી કાઢવા અસરગ્રસ્થોની ઉગ્ર માગ છે.

ગુજરાતની ભાજપા સરકારની માંગણીના આધારે કેન્દ્રની કોંગ્રેસ સરકારે કરેલ નિર્ણય મુજબ દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારના દસ હજાર કરોડના ખર્ચે કુલ સાત મોટા ડેમો બનાવવામાં આવનાર છે જેમાં ત્રણ ડેમ ડાંગમાં બનનાર છે. જેના સર્વેની કામગીરી હાલ ચાલુ હોવાનું સોસ્યાલીસ્ટ યુનિટી સેન્ટર ઓફ ઇન્ડિયા (કોમ્યુનિસ્ટ) અને એસ.યુ.સી.આઇ.(સી)ના અગ્રણીઓએ માહિતી આપતાં જણાવ્યું હતું કે ભારત સરકારના નેશનલ વોટર ડેવલપમેન્ટ એજન્સીના અધિકારીઓ કાલીબેલ ગામે યોજાયેલ જાહેર સભામાં આ માહિતી આપી હતી.વધુમાં સરકારી હવાલાથી નેશનલ વોટર ડેવલપમેન્ટ એજન્સી ભારત સરકારના ગુજરાત ખાતેની ઓફિસ દ્વારા આપેલી માહતી મુજબ જે ત્રણ મોટા ડેમ ત્રીસ મીટરની ઉંચાઇના બનનાર છે તે આ મુજબ છે.

(૧) અંબિકા નદી પર ચિકાર ગામ પાસે બનનાર ડેમમાં કુંડા, સાકરપાતળ, ખીરમાણી, સુસરદા, વિગેરે ગામો સંપૂર્ણ ડુબાણમાં જશે જેમાં ૭૫૦ હેક્ટર જમીન લોકોની ડુબશે, ૩૦૦ હેક્ટર જંગલ ખાતાની અને ૧૫૦ હેક્ટર નદીઓનો પટ ડુબશે.

(૨) ખાપરી નદી પર દાબદર પાસે બનનાર કુકડનખી, ચીચીનાગાવડાઠા, ઢાઢરા, પિંપરી વિગેરે ગામો ડુબાણમાં જશે જેમાં ૧૨૫૦ હેક્ટર જમીન લોકોની ડુબશે, ૬૫૦ હેક્ટર જમીન જંગલ ખાતાની ડુબશે અને ૧૫૦ હેક્ટર નદીઓના પટ ડુબશે.

(૩) પૂણા નદી પર કેલવણ પાસે બનનારા ડેમમાં એન્જીનપાડા, ટેકપાડા, પાતળી, ખોપરીઆંબા, ભાલખેત, ભોગડીયા, કાલીબેલ, વિગેરે ગામો ડુબશે, જેમાં ૧૬૦૦ હેક્ટર જમીન લોકોની ડુબશે, ૪૫૦ હેક્ટર જમીન જંગલખાતાની ડુબશે અને ૩૦૦ હેક્ટર નદીઓનો પટ ડુબશે.

આ ડુબાણમાં જતા ૧૫ ગામો સિવાય અન્ય ૨૦ ગામોનો અમુક વિસ્તાર પણ ડુબશે એવુ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ ડેમમાં ડુબાણમાં જતાં ગામોને આપવાની થતી જમીન ડાંગના રેવન્યુ ખાતા પાસે નથી, આમ ડાંગ જિલ્લાના લોકોને માત્ર નૂકશાન સિવાય કંઇજ મળવાનું નથી.માટે સોશ્યાલીસ્ટ યુનિટી સેન્ટર ઓફ ઇન્ડિયા (કોમ્યુનિસ્ટ) એસ.યુ.સી.આઇ.(સી)ના ડાંગ એકમ દ્વારા ડાંગમાં બનનારા ૩ મોટા ડેમો સામે સખત વિરોધ કરી નોંધાવી આંદોલન ચીમકી આપી છે.આ અંગે લોક આંદોલન-ડાંગની પણ રચના થવા પામી છે.જેની આગામી તા.૨૩મી માર્ચને શહીદ ભગતસિંહ દીન ના રોજ એક વિશાળ લોક સંમેલનનું પણ મળનાર છે.

# સુરતમાં ધુળેટી પર્વની આનંદ ઉલ્લાસ સાથે ધામધૂમથી ઉજવણી

(સંવાદદાતા દ્વાર) સુરત.તા.૧

આજે ધૂળેટીનો પર્વ હોય સવારથી જ બાળકોથી માંડી વયસ્કો સુધીનાઓએ એક મેક ઉપર વૈવિધ્ય પૂર્ણ રંગબેરંગી રંગો અને ગુલાલોની છોલો ઉડાડી ધૂળેટી પર્વની મજા માળી હતી.

શહેરના મુસ્લિમ સમુદાયે ગત શનિવારના રોજ ભારે ધામધૂમ પૂર્વક ઈદે મિલાદુન્નબીના પર્વની ઉજવણી કરી, પર્વનો આનંદ માળ્યો હતો. ત્યારે ગત રોજ રવિવારે હિન્દુઓનો હોળીઓ પર્વ હોય, શહેરમાં ઠેર ઠેર પરંપરાગત રીતે હોળી પ્રગટાવી હતી, જે દરમ્યાન ઉપવાસીઓ મહિલાઓએ હોળીની પ્રદક્ષિણા ફરી, ત્રીકળ, ચણા, ધાણી વગેરે વઢેરી, હોળીકા પુતી કરી, પારણાં કર્યા હતા. જયારે આજે ધૂળેટી પર્વે હોવાથી સવારથી જ સોસાયટીઓ અને ફલેટોના ધાબા ઉપર ચઢી ગયેલા બાળકોએ પો.કમિ.ના જાહેરનામાની પરવા કર્યા વિના રાહદારીઓ ઉપર પાણી ભરેલા ફુગ્ગા, નાંખી આનંદની છોલો માળી હતી, લોકોએ સવારથી જ એક એક ઉપર રંગોની છોલો ઉડાણી સાથે રંગબેરંગી ગુલાબોનો છંટકાવની પણ મજા માણી હતી, રંગોની છોલોથી રંગાયેલા લોકો રંગની અવસ્થામાં નજરે ચઢતાં હતા, શહેરમાં વસ્તા વિવિધ ધર્મના લોકોએ પોત પોતાની ધાર્મિક પરંપરા મુજબ હોળી-ધૂળેટી પર્વની મજા માણી હતી.

જયારે શહેરમાં વસતાં રાજસ્થાની સમુદાયે પરંપરાગત રીતે હોળીની ઉજવણી કરી સાંસ્કૃતિક કાર્યક્રમોની મજા માણી હતી. ઉપરાંત આ સમુદાયોના આગવા લગ્નોત્સવે શહેરીજનોને ભરપૂર મનોરંજન પૂરુ પાડ્યું હતું. જોકે આ ટાંણે લોકોએ ઠેર ઠેર ભાંગ પણ બનાવી તેની પણ ભરપુર મજા માણી હતી. આજના પર્વને લઇને શહેરના રસ્તાઓ સુમસામ ભાષતા જણાવ્યાં હતા. ઠેર ઠેર બંદોબસ્તમાં તૈજાત પોલીસ જવાનો સિવાય લોકોની કોઇ ખાસ અવર જવર જણાય નથી.જોકે તહેવારોને લઇને મીઠાઇવાળાઓ અને કલર તથા પિચકારી વહેંચનારાઓને તડાકો પડી જવા પામ્યો હતો. શહેરમાં ત્રણ દિવસોમાં લાખો રુપિયાની મીઠાઇઓ ઉપરાંત કલર અને પિચકારીઓ વહેંચાય જવા પામ્યાનું જાણવા મળે છે.

# અમરેલીમાં ધુળેટી પર્વની ઉત્સાહભેર ઉજવણી



(સંવાદદાતા દ્વારા) અમરેલી,તા.૧

અમરેલીમાં આજે ધૂળેટી નાના-મોટાઓ દ્વારા રંગેચંગે ઉજવણીમાં આવી હતી. જેમાં બાળકોએએ સવારથી જ પીચકારીઓમાં રંગબુરંગી કલરોનું પાણી ભરી નાના-મોટાઓને રંગ બે રંગી કલરોથી ભિંજહયા હતા.

ધૂળેટીમાં સવારથી જ લોકો અંકબીજાનો કલર છાંટવા ભાગમદોડ કરી રહયા હતા. અમરેલીમાં યુવતીઓએ પોતાની સહેલીઓને રંગ છાંટવા પહેલેથી જ આતુર હોય તેમ જણાઈ આવતુ હતું. ખાસ કરીને ધૂળેટીમાં બાળકોને એકબીજા ઉપર રંગ છાંવાનો ઉત્સાહ વધુ જોવા મળતો હતો.

ધૂળેટીના રંગથી બચવા માટે ઘણા લોકો પોતાના ઘરની અંદર છુપાયેલ રહયા હતા પણ છેવટે તે લોકોને તેમના દોસ્ત સાથીઓએ ઘરમાં જઈ ધૂળેટીના રંગ બે રંગી કલરો દ્વારા ભિંજવીદિધા હતા. અમરેલીમાં ધૂળેટીનો પર્વ શાંતિ પૂર્ણ એખલાસ દ્વારા મનાવવામાં આવેલ હતો.

દૂધરેજ નજીક નર્મદાના નીરમાં ગટરનું પાણી ભળી ગયું

# સુરેન્દ્રનગર અને વઢવાણવાસીઓને દૂષિત પાણી વિતરણ કરાતાં પ્રજામાં ઊહાપોહ

**પ્રજાના આરોગ્ય સાથે ભયાનક ચેડાં**

(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર,તા.૧

સુરેન્દ્રનગર અને વઢવાણ- વાશીઓને પીવાનું પાણી પુરૂ પાડતા ધોળી ધજા ડેમમાં પાણી સુકાઈ ગયા હતા. શહેરજનોને પીવાના પાણી માટેનો કોઈ વિકલ્પ રહયો ન હતો. આથી લખતરથી કેનાલ મારફતે નર્મદામાં નીર લાખોના ખર્ચે ધોળીધજા ડેમમાં લાવવામાં આવ્યા હતા. વર્ષોની તરસથી ટળવળતી શહેરની જનતાને પાણી આપવા માટે મુંખ્યમંત્રી મોદી ખાસ સુરેન્દ્રનગરમાં આવ્યા હતા. આજે નર્મદાના નીરથી ધોળી ધજા ડેમ છલકાઈ ગયો છે. લોકો ખુશી ખુશીથી નર્મદાના નીરથી આનંદ લઈરહયા છે. પરંતુ આજ નર્મદાના નીર શહેરીજનો માટે ઝેર સમાન બની રહયા છે. કારણ કે કેનાલ મારફતે આવતા નર્મદાના નીરમાં ગટરનું ગંદુ પાણી અને અશુધ્ધ પાણી ઠાલવવામાં આવી રહયું છે. નર્મદાના નીરની સાથે ગટરનું પાણી ધોળી ધજા ડેમમાં પહોંચે છે. અને નળ મારફતે નર્મદાના નીરની સાથે ગટરનું ગંદુ પાણી સુરેન્દ્રનગર અને વઢવાણવાશીઓને ઘર સુધી પહોંચે છે જે પાણી શહેરીજનો પી રહયા છે. આવું પાણી પીવું તે શહેરીજનોના આરોગ્ય માટે ખતરારૂપ પુરવાર થઈ રહયું છે.

દુધરેજ પાસે ગટરના પાણીના નિકાલ માટે અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન નાખવામાં આવી છે. આ પાઈપલાઈનમાં જયાંથી પાણી નિકાલ કરવાનું છે તે માર્ગ બંધ છે. જયાંથી કેનાલમાં ગટરનું પાણી ભળે છે તે જગ્યાએ નર્મદાનું શુધ્ધ પાણી પણ લીલા રંગનું બની જાય છે.

આ બાબતે પાલિકાના ચીફ ઓફિસર મનોજકુમાર પાટડીયાએ જણાવ્યું કે પાણીની લાઈન પર અવારનવાર ચેંકિંગ કરવામાં આવે છે છતાં આ બાબતે તાત્કાલીક તપાસ કરવામાં આવશે, યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરીશું.

જિલ્લામાં સિંહો તથા દીપડાની સંખ્યા વધ્યાનું અનુમાન

# અમરેલી પંથકમાં છેલ્લા ૭૨ કલાકમાં ત્રણ શખ્સો ઉપર રાની પશુઓના હુમલા !

**હાલરિયા-ડુલરિયાની સીમમાં માલધારી પર સિંહ ત્રાટકયો**

(સંવાદદાતા દ્વારા) સાવરકુંડલા, તા.૧

હજુ રવિવારના રોજ નાગેદ્રીની સીમમાં યુવાન પર ચાર સિંહોએ હુમલો કરી ઘાયલ કરવાની ઘટના તાજી છે. ત્યારે આજે બગસરા તાબાના હાલરીયા ડુલરીયાની સીમમાં માલધારી યુવાન પર એક નર સિંહે હિંસક હુમલો કરતા તેને સારવાર માટે ખસેડાયો છે.

સિંહ દ્વારા માણસ પર હુમલા અથવા રાની પશુ દીપડાના હુમલા અમરેલી પંથકમાં વધતા રહયા છે. આ વિસ્તારમાં સિંહોની સંખ્યા સતત વધી રહી હોવાથી માણસો સાથે તેને સામનો છાશવારે થઈ રહયો છે. પાછળના બોતેર કલાક દરમ્યાન જ આવી ત્રણેક ઘટના પ્રકાશમાં આવી હતી. બગસરા તાલુકાના હાવરીયા ડુલરીયાની સીમમાં એક માલધારી આલાભાઈ રાયમલભાઈ પોતાના માલધારી લઈને ચરાવતા હતા. તે દરમ્યાન અચાનક જ આવી ચઢેલા વનરાજે ઘેટાં બકરા પર હુમલો કરી ઘેટાને મારી નાખ્યા હતા. તે સમયે આલાભાઈએ હાકલા-પડકારા કરતા ઉશ્કેરાયેલા સિંહે આલાભાઈ પર હુમલો કરતા ઈજાગ્રસ્ત આલાભાઈને પ્રથમ બગસરા પછીથી અમરેલી રીફર કરાયા હતા. આવો જ એક બનાવ હજુ ગઈકાલના જ સાવરકુંડલા તાલુકાના એક ગામમાં હિંસક પશુ દીપડાએ હુમલો કરી દેતા ગંભીર રીતે સાવરકુંડલા ખાતે સારવાર અર્થે લવાયો હતો. આમ છાશવારે થતા હિંસક વન્ય પ્રાણીઓના હુમલા સાતેક માસમાં પંદર જેટલા નોંધાયા છે. જેમાં સાવરકુંડલા રામગઢની સીમમાં એક સિંહ-દીપડાએ એક બાળાને ફાડી ખાધો હતો અને વનતંત્ર દ્વારા એક લાખનું વળતર પણ ચુકવવામાં આવ્યું હતું. ત્યારે ઓળીયા ગામે હિંસક પશુ દીપડાએ એક પટેલ શખ્સ ઉપર ગંભીર હુમલો કરી દેતા આસપાસના વિસ્તારોમાં સોંપો પડી ગયો હતો. આ હુમલાઓ નિવારવા તંત્ર દ્વારા આયોજન કરાય તેવી લોક લાગણી પંથકમાં પ્રવર્તે છે.

# થોરાળામાં દંગલ પ્રકરણમાં છ આરોપીનો જામીન પર છુટકારો

રાજકોટ તા. ૧

શહેરના ચકચારી બનેલા થોરાળાના વાલ્મિકી સમાજ તથા દલિત સમાજ વચ્ચેના દંગલ પ્રકરણમાં થોરાળા પોલીસ સ્ટેશનના પીએસઆઇ ગોહિલ પર પથ્થર વડે હુમલો કરવાના ગુનામાં પકડાયેલા છ આરોપીઓ અત્રેની અદાલતમાં જામીન અરજી કરતાં કોર્ટે રૂા. ૫૦૦૦ના જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

થોરાળાના વાલ્મિકી અને દલિત સમાજ વચ્ચે પથ્થરમારો કરી દંગલ કરેલ આ અંગેની થોરાળા પીએસઆઇ ગોહિલને જાણ થતાં ઘટનાસ્થળે પહોંચતા બન્ને સમાજના માણસોની પીએસઆઇ અને પોલીસ હેડ કોન્સ્ટેબલ સહિત પર પથ્થર મારી ગંભીર ઇજા કરેલ. પોલીસે બન્ને સમાજના સ્થાનિક માણસોને વીખેરાઇ જવા સૂચના આપવા છતાં પણ બન્ને પક્ષોના ટોળાએ એકબીજા પર પથ્થરમારો ચાલુ રાખી વિસ્તારમાં ભય અને આતંકનું વાતાવરણ ઉભું કરેલ. આ ઉપરોક્ત ગુનામાં પોલીસે જીતુ ઘુઘાભાઇ દામજી મકાભાઇ, વિજય દેવશીભાઇ, કાળુ, બચુ, નટવર, નાનજી ભાણજી દેવજીની ધરપકડ કરી કોર્ટમાં હુકમ કર્યો હતો.

આ કામમાં બચાવ પક્ષે અભય ભારદ્વાજ, ધીરૂભાઇ પીપળીયા, પ્રાણલાલ મહેતા વિગેરે રોકાયેલા હતા.

પ્રેમી સાથે ફરાર ટીના જીવિત મળતાં

# વિસાવદરના મંડોરિયાથી મળેલ યુવતીની લાશનું રહસ્ય ઘેરૂં

જૂનાગઢ, તા.૧

જૂનાગઢ જિલ્લામાં ભેદી હત્યાનો સિલસિલો યથાવત જણાય છે. વિસાવદરના મંડોરીયા ગામની સીમમાંથી મળી આવેલ યુવતીનો મૃતદેહ રાજકોટની ટીનાનો હોવાનું ખુલ્યું હતું. પરંતુ તપાસ આગળ વધતા ટીના જીવીત હોવાનું ખુલતા ઉપરોકત મૃતદેહનું રહસ્ય વધુ ઘેરૂ બન્યું છે. પોલીસે તો ટીનાના કથિત પ્રેમીને શંકાના દાયરામાં લઈ તેના પ્રેમી વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. ત્યારે કોથળામાંથી બિલાડું નીકળતા હવે મરનારની સાચી ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી છે.

**બે અપમૃત્યુ**

જૂનાગઢ સિવિલમાં અપમૃત્યુના બે અલગ-અલગ બનાવો બન્યા છે. જેમાં માળીયાના કુકરવાડાના કરસન લક્ષ્મણ (ઉ.વ.૩૨)નું દાઝી જવાથી સારવાર દરમ્યાન મોત નીપજયું છે. તેમજ ઉના પંથકની ટીનાબેન શૈલેષ પોપટ (ઉ.વ.૩૦)ને બેભાન અવસ્થામાં સિવિલ હોસ્પિટલમાં લવાતા ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી.

# રાજકોટમાં બે જૂથો વચ્ચે સશસ્ત્ર અથડામણમાં ચારને ઈજા

રાજકોટ તા. ૧

શહેરમાં હોળીની રાત્રે જામનગર રોડ પર બજરંગવાડી વિસ્તારમાં એક જ કોમના બે જૂથ વચ્ચે નજીવી બાબતે થયેલી સશસ્ત્ર અથડામણમાં ચાર વ્યક્તિઓને ઈજા થવા પામી છે. ગાંધીગ્રામ પોલીસે બન્ને પક્ષે ગુનો નોંધી ત્રણની ધરપકડ કરી છે.આ અંગે પોલીસસૂત્રોમાંથી જણવા મળતી વિગતો મુજબ બજરંગવાડી નજીક રાજીવનગર-૧૪માં રહેતા મહમદ મુમતાઝ જબીર શેખ (ઉ.વ.૩૦)એ ઈમરાન કાસમ, સબીર સીદીક, અમન સીદીક, સાજીદ મેમણ, હાફીસ અબ્દુલ સહિતના સામે પાઈપ હાથમાં મુંઠ વડે હુમલો કર્યાનો ગુનો નોંધાયો છે.

જયારે સામાપક્ષે વાંકાનેર સોસાયટી શેરી નં.૧૩-૧૪માં રહેતા સબીર સીદીક જુણેજાએ મહમદ મુમતાઝ, મહમદ ઝકીર, ઈમરાન, મહમદ જુમાહુદીન, જાબીર શેખ સહિતનાએ છરી પાઈપ વડે હુમલો કર્યાની ફરીયાદ નોંધાવી છે. સામસામો હુમલો થતાં ઘવાયેલાઓની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે.

આ બનાવ અંગે પોલીસે બન્ને પક્ષની ફરીયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

કચ્છના માંડવી ધોરીમાર્ગ પર સર્જાયેલો અકસ્માત

# પોલીસની તંબૂ ચોકીમાં કાર ઘુસી જતાં બોર્ડર વિંગના જવાનનું મોત : એક ગંભીર

**દારૂ ઢીંચેલી હાલતમાં નબીરાએ કાર હંકારતા અકસ્માત સર્જાયો**

(સંવાદદાતા દ્વારા) ભૂજ, તા.૧

કચ્છના માંડવી ધોરીમાર્ગ પર કોડાય રસ્તા પાસે મધરાત્રે એક ઈન્ડિકા કાર પોલીસની તંબૂ ચોકીમાં ઘુસી જતા બોર્ડર વિંગના એક જવાનનું મોત થયું હતું. જયારે અન્ય એક જવાનને ગંભીર ઈજાઓ થઈ હતી.

આ અકસ્માત અંગે પ્રાપ્ત વિગતો મુજબ માંડવીથી થોડે દૂર કોડાય ચાર રસ્તા પાસે રાત્રિના ૩:૪૫ વાગ્યે આ અકસ્માત સર્જાયો હતો. જેમાં માંડવીથી ભૂજ તરફ આવતી ઈન્ડિકા કાર નંબર જીજે ૧૨ જે ૪૫૦૪ વાળી પૂરપાટ વેગે રોડની બાજુમાં વાહન ચેકિંગ માટે ઉભી કરવામાં આવેલી પોલીસની તંબૂ ચોકીમાં ઘુસી ગઈ હતી. તંબૂ ચોકીમાં સુતેલા જવાનોને તંબૂ સહિત આ કાર દૂર સુધી ઘસડી ગઈ હતી. અકસ્માતમાં ગંભીર ઈજા પામેલા બોર્ડર વિંગના જવાનો પૈકી કનકસિંહ મંગળસિંહ જાડેજા (ઉ.વ.૩૧) રહે. મૂળ લીયારા તા.ધ્રોલ જિ.જામનગરનું મોત થયું હતું. જયારે મહાવીરસિંહ ભગુભા જાડેજા (ઉ.વ.૨૮) રહે. વાઘુદળ તા.ધ્રોલને ગંભીર ઈજાઓ થતા માંડવીની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા છે.

માંડવી પોલીસે કારના ચાલક ભરત હરીભાઈ ડાંગર સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી છે. માંડવી પોલીસે વધુ વિગતો આપતા જણાવ્યું કે, કારમાં બેઠેલા અન્ય બે યુવાનો ઉત્પલ દિપક શુકલા (ભૂજ) અને રઝાક દાઉદ નોતિયાર (ભૂજ)વાળા દારૂ પીધેલ હાલતમાં હોઈ તેઓની પણ ધરપકડ કરવામાં આવી છે. ભૂજના આ ત્રણેય નબીરાઓ મોડી રાત્રે માંડવીથી મહેફિલ માણી પરત આવી રહયા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

પોલીસના પુત્રની દાદાગીરી સામે લોકોમાં રોષ

# અમરેલીમાં યુવાનનું અપહરણ કરી માર મારનાર પોલીસપુત્ર જેલમાં

(સંવાદદાતા દ્વારા) અમરેલી,તા.૧

અમરેલીમાં ગતરોજ પોલીસના પુત્ર તથા તેના મિત્રએ એક યુવાનનું કારમાં અપહરણ કરી માર મારતા બનાવ અંગે ફરિયાદ દાખલ થતાં પોલીસના પુત્રની અટકાયત કરવામાં આવી છે. બનાવને પગલે લોકોના ટોળાં ઉમટી પડતાં મામલો તંગ બન્યો હતો. ત્યારબાદ ખાતરી મળતાં મામલો થાળે પડયો હતો.

મળતી માહિતી મુજબ અમરેલીમાં જેશીંગપરા વિસ્તારમાં રહેતો પ્રવિણ માંગરોળીયા (ઉ.વ.૨૪) તેનું બાઈક લઈને જતો હતો ત્યારે પોલીસમેનનો પુત્ર ગવાના પુત્રા સાથે અકસ્માત થતાં પોલીસનો પુત્ર અને તેનો મિત્ર પ્રતિક ઉર્ફે ગાંજો નામના શખ્સોએ કાર નં. જીજે ૧૪ ૯૬૯૬માં પ્રવિણનું અપહરણ કરી માર મારી નાસી છુટયા હતા. બનાવની જાણ થતાં જેશીંગપરાના રહીશો પોલીસ સ્ટેશનો ધસી ગયા હતા દરમ્યાન ડી.વાય.એસ.પી. કે.વી.કટારા અનો સીટી પી.આઈ. પરમારે લોકોના ટોળાની રજૂઆત સાંભળી પોલીસ પુત્ર ગવાને જેલમાં ધકેલ્યો હતો જયારે તેના મિત્ર પ્રતિકની પોલીસો શોધખોળ આદરી છે. પોલીસે વધુ કાર્યવાહીની ખાત્રી આપ્યા બાદ મામલો થાળે પડયો હતો.